જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૩/૨૦૧૯ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ**
**આરોપી એ કોર્ટ માં હાજર થવાનું ફરમાન :** **સમાચાર યાદી નં.૫૨૯/૧૯**

નારણપુરા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૩૦૫/૧૯૯૫ ઇપીકો કલમ ૩૦૭, ૩૬૫, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦બી, તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના કામે **આરોપી પુનમભાઇ સોમાભાઇ પટેલ (રહે.આશાપુરીનગર, અમરાઇવાડી, અમદાવાદ શહેર મુળ વતન:- હરખજીનાં મુવાડા, તા.દહેગામ, જી.ગાંધીનગર)** નાએ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ **શ્રી એસ.એસ.શેટ્ટી સાહેબ, અધિકસત્ર ન્યાયધીશ, કોર્ટ નં.૨૩, સિટી સિવિલ અને સેસન્સ કોર્ટ, જુની હાઇકોર્ટ બિલ્ડીંગ, નવરંગપુરા**, અમદાવાદ શહેર સમક્ષ **તા.૨૮/૦૩/૨૦૧૯** ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૫૩૦/૧૯**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૩ કેસ કરી, ૮૦ વ્યક્તિઓને ઝડપી, ૪૨૩ લીટર દેશી દારૂ, ૧૪૬ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૭૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૫૩૧/૧૯**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૦૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઉચાપતની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૫૩૨/૧૯**

**વસ્ત્રાપુર** : મનોજભાઇ રામજીલાલ પવાર (ઉ.વ.૩૨)(રહે.બી.જે.રો-હાઉસ સોસાયટી ભાર્ગવ રોડ લીમડા બસ સ્ટોપ પાસે કુબેરનગર)એ તા.૨૩/૦૩/૨૦૧૯ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તારીખ ૨૪/૧/૨૦૧૯, તારીખ ૨૫/૨/૨૦૧૯ અને તારીખ ૭/૩/૨૦૧૯ ના રોજ ન્યુયોર્ક ટાવર થલતેજ સર્કલ એસ.જી.હાઇવે "જી.ટી.સી.ઓઇલ સર્વીસ પ્રા.લી." કંપની ખાતે એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતો આરોપી રાજદીપ ગુપ્તા (રહે.ગાયત્રી ગ્રીન એપાર્ટમેન્ટ નરોડા) મનોજભાઇની કંપનીમાં બેંક ના વ્યવહાર માટે બેંક પાસવર્ડ તથા રજીસ્ટ્રર મોબાઇલ નંબર ઓપરેટ કરતો હોઇ, તેનો પોતાના ફાયદા માટે ઉપયોગ કરી, મનોજભાઇની કંપની માંથી કુલ રૂપિયા ૧૮,૮૭,૮૧૯/- ની ઉચાપત કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એલ.રબારી ચલાવે છે.

**ઘરફોડ ચોરી :-** **સમાચાર યાદી નં.૫૩૩/૧૯**

**વટવા** : ભાર્ગવભાઈ દિનેશભાઈ પટેલ (ઉ.વ.૩૦)(રહે.કર્ણાવતી પાર્ક વનદેવી બંગ્લોઝ પી.ડી.પંડ્યા કોલેજ રોડ ઘોડાસર વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૩/૨૦૧૯ રાતના ૯/૩૦ થી તા.૨૩/૦૩/૨૦૧૯ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન ઘોડાસર કર્ણાવતીપાર્ક વનદેવી બંગ્લોઝ માં આવેલ પોતાની સાસુના મકાન નંબર- ૧૪ ના બારણાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, રૂમમાંથી સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂપીયા ૧,૪૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.દેસાઇ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૫૩૪/૧૯**

**નારોલ** : રજતભાઇ રમેશભાઇ રાવલ (રહે.મણીભદ્ર એવન્યુ શ્યામલ ચાર રસ્તા પાશ્વ ટાવર પાસે સેટેલાઇટ) તા.૨૧/૦૩/૨૦૧૯ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે નારોલ સરખેજ હાઇ-વે વાસણા તરફ જવાના રોડ થી શાસ્ત્રીબ્રીજ ના છેડા સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલક (૩૦ વર્ષના આશરાનો) તથા પાછળની સીટમાં બેસેલ એક સ્ત્રી અને પુરૂષ એ ભેગામળી રજતભાઇની નજર ચુકવી તેમની બેગ માંથી સોના માં મઢેલી રૂદ્રાક્ષ ની માળા કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/-, સોનાની ચેઇન કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- તથા એપલ આઇફોન-૧૦ મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- તથા અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૨,૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ અંગેની ફરીયાદ રજતભાઇ રાવલએ તા.૨૩/૩/૧૯ નારોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ટિ.કે.દેવમુરારી ચલાવે છે.

**નવરંગપુરા** : દર્શનાબેન W/O જીગરકુમાર સોની (ઉ.વ.૪૦)(રહે. એન.એસ..હાઉસ બ્લોક નં-૪ સરગમ ફ્લેટની બાજુમા, લાજપતનગર સ્ટેડીયમ નવરંગપુરા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૩/૨૦૧૯ રાતના ૮/૩૫ વાગ્યાના સુમારે નવરંગપુરા, સ્ટેડીયમ રોડ કાશકોપનહેગેન નામની દુકાનની બાજુ મા પોતાની ટોયોટા ફોર્ચ્યુન કાર ઉભી રાખેલ હતી દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિ દર્શનાબહેનની નજર ચુકવી કારની ડ્રાયવર સીટની બાજુની સીટ પરથી લેધરનુ પર્સ કે જેમા રોકડ રૂપિયા, ચાંદીની બુટ્ટી તથા એપલ કંપનીનું આઈ-પોડ તથા બેંકના ડેબીટકાર્ડ, પેનડ્રાઈવ, મેમ્બરશીપ કાર્ડ સાથે કુલ રૂપિયા ૬૬,૯૦૦/- ની મતા મુકેલ હતી તે પર્સની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એચ.મિસ્ત્રી ચલાવે છે.

**શાહપુર** : દેવાંગ પ્રકાશચંન્દ્ર શાહ (ઉ.વ.૩૨)(રહે.ખેતાન ટાવર, રાજસ્થાન હોસ્પીટલની બાજુમાં, શાહીબાગ) એ તા.૨૩/૦૩/૨૦૧૯ નારોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૩/૨૦૧૯ સાંજના ૪/૦૦ થી ૫/૦૦ વાગ્યા દરમ્યાન આરોપી ગોપાલ શુકલા (રહે.સંદેશ કોર્મશીયલ કોમ્પલેક્ષ રેંટીયાવાડી પાસે શાહપુર) એ દેવાંગભાઇની સંદેશ કોમર્શીયલ કોમ્પલેક્ષ ના ત્રીજા માળે આવેલ દુકાન નં.૧ ના ગોડાઉનની ડુપ્લેકેટ ચાવી બનાવી ગોડાઉનમાંથી રેડીમેડ કાપડનો માલ કુલ કિંમત રૂપિયા ૩૩,૦૦૦/- મતા નો ચોરી કરી લઇ નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ઓ.તિવારી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૩૫/૧૯**

**મેઘાણીનગરઃ** પ્રધ્યુમનભાઇ ઉર્ફે બકાભાઇ ભોલાનાથ રાવલ (ઉ.વ.૬૦) (રહે. કૈલાસનગર સોસાયટી ઉમીયાનગર મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૩/૩/૧૯ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી લક્ષ્મણભાઇ આભાભાઇ ચલાવે છે.

**ગોમતીપુરઃ** અબ્દુલખાલીદ અબ્દુલકાદર શેખ (ઉ.વ.૨૫) (રહે. રાજપુર ગોમતીપુર ટોપી મીલ સામે પગથીયા ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૩/૩/૧૯ કલાક ૧૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયંતીભાઇ બેચરભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.